AG-21023 Seat No. ________

# Third Year B. A. (Non CBCS) Examination

**February – 2016**

## Gujarati : Paper - XI

**(પરપ્રાંતની કૃતિ અગ્નિગર્ભ અને અપઠિત)**

*(New Course)*

Time : 3 Hours] [Total Marks : **100**

**સૂચના :** પ્રસ્તુત પ્રશ્નપત્ર પાંચ પ્રશ્નોમાં વહેંચાયેલું છે.

૧ ગમે તે એક વિષય પર નિબંધ લખો : ૩૦

(૧) સાહિત્ય અને સમાજ

(૨) મારા સ્વપ્નનું ભારત

(૩) મોંઘવારી - એક વિકટ સમસ્યા

(૪) મારો પ્રિય સાહિત્યકાર

(૫) ધર્મ અને રાજકારણ

૨ નીચેનામાંથી કોઈ પણ એક ગદ્યખંડનું વિવરણ કરો : ૧૫

(૧) 'કળા કોઈ કાળે ધર્મનું સ્થાન ન લઇ શકે, અને તે ધર્મની વિરોધી પણ ન જ થવી જોઈએ. કળા ભલે અંતિમ સત્ય સુધી પહોંચી ન શકે, પણ કળાએ સત્યનો દ્રોહ તો ન જ કરવો જોઈએ. કળામાં સંપૂર્ણ પુરુષાર્થ સામાયેલો ન હોય, પણ કળા એ પુરુષાર્થની વિઘાતક તો ન જ હોવી જોઈએ. સમાજોપયોગી દરેક મજૂરીમાં કળા જોવા જેટલી દૃષ્ટિ આપણી પાસે ન હોય તો પણ કળા મજૂરીનો તિરસ્કાર તો ન જ કરે. મજૂરીનું જીવન વિષમ કે વિષાદમય તો ન જ બનાવે. મજૂરીનો દ્રોહ કરીને જો જીવન પણ ન ટકી શકે તો કળા ક્યાં સુધી ટકવાની હતી ?'

**- કાકાસાહેબ કાલેલકર**

**(જીવનનો આનંદ)**

**અથવા**

(૨) 'નીતિ એ મનુષ્યના નાવને દોરનાર ધ્રુવ છે. પણ નાવ પાણીના મોંજાથી ડરીને સમુદ્રમાં જ પડે નહિ તો ધ્રુવનું દર્શન કશા ઉપયોગનું નથી, ધારેલે બંદરે વહાણ પહોંચતું નથી. નીતિનું તત્ત્વ પોતે, પોતાની સાચવી સાચવીને ફૂંકી ફૂંકીને, ચાલવામાં કે પોતાના કર્ત્તવ્યોની સન્મુખ થતાં જે સંબંધ સંસર્ગાદિ કરવા પડે તેમનાથી ડરી જઈ કર્ત્તવ્યોનો ત્યાગ કરવામાં રહ્યું નથી. પ્રાપ્ત થતાં કર્ત્તવ્યમાં આંખો મીંચીને ઝુકાવ્યાં છતાં, ઈષ્ટાનિષ્ટ કે કનિષ્ટ ગમે તેવા સંબંધ સંસર્ગ અવશ્ય રીતે પ્રાપ્ત થાય તે વહોર્યા છતાં, કર્ત્તવ્યને પાર ઉતરતાં, સંબંધ કે સંસર્ગની અસર પોતાના નીતિ નિયમ ઉપર ન થવા દેતાં તે તે સંસર્ગાદિકનો ઉપયોગ કર્ત્તવ્ય કરવામાં થઈ શકે તેટલો કરી લેતા જવો એમ ઉત્તમ વીર્યનું આધાન કરી આપવામાં નીતિનું તત્ત્વ રહેલું છે.

**- મણિલાલ નભુભાઈ દ્વિવેદી**

૩ બેમાંથી કોઈ પણ એક કાવ્યનું રસદર્શન કરાવો : **૧૫**

(૧) કોણે કીધું ગરીબ છીએ ? કોણએ કીધું શંક ?
કાં ભૂલી જા, મને રે ભોળા ! આપણા જુદા આંક.
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ.
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?
ઉપરવાળી બેન્ક બેઠી છે, આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.
ધૂળિયે મારગ કૈંક મળે જો આપણા જેવો સાથ.
સુખદુઃખની વારતા કે'તા બાથમાં ભીડી બાથ.
ખુલ્લાં ખેતર અડખે-પડખે, આધે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, ક્યાં છે. આવો લાભ ?
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેતુ.
દોઢિયા માટે દોડતા એમાં આપણું ફોરે વ્હાલ,
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ.

**- મકરંદ દવે**

**અથવા**

(૨) મંગલ મંદિર ખોલો,
દયામય !
મંગલ મંદિર ખોલો,
જીવન વન અતિ વેગે વટાવ્યું
દ્વાર ઊભો શિશુ ભોળો.,
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમા લો, લો,
દયારામ !
મંગલ મંદિર ખોલો !
નામ મધુર તવ રટયો નિરંતર
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તુષાતુર આવ્યો બાલક,
પ્રેમ-અમીરસ ઢોળો,
દયામય !'
મંગલ મંદિર ખોલો !
- **નરસિંહરાવ દિવેટિયા**

૪ મહાશ્વેતાદેવી રચિત 'અગ્નિગર્ભ' નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. ૨૦

**અથવા**

૪ 'અગ્નિગર્ભ' વિવિધ સંઘર્ષોનું આલોચન કરતી સંઘર્ષ પ્રધાન નવલકથા છે'. - ચર્ચો. ૨૦

૫ નીચેનામાંથી કોઈ પણ બે ટૂંકનોંધ લખો : ૨૦

(૧) 'અગ્નિગર્ભ' નવલકથાનું શીર્ષક

(૨) 'અગ્નિગર્ભ' નવલકથામાં સમાજદર્શન

(૩) કાલી સાંતરાનું પાત્રાલેખન

(૪) અગ્નિગર્ભ નવલકથાની ગદ્યશૈલી.